અપીલ અરજી નં.૨૬૪ તા.૧૯–૧૨–૦૮/૦૯

અરજદારઃ શ્રી જગદીશભાઈ કેશવભાઈ પટેલ
સામાવાળાઃ ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (રાંદેરઝોન)

## ફરીયાદની હકીકતઃ–

***વિષય :***–આરટીઆઈ એકટ હેઠળ શ્રી રતનબેન કેશવભાઈ પટેલ તથા જગદીશભાઈ કેશવભાઈ પટેલની તા.૨૪–૧૧–૦૮ની અરજીથી ટેના નં.૧૭બી–૦૯–૦૩૭૧–૦–૦૦૧ ના ભાગ પાડવા આપેલ અરજી સાથે રજુ કરેલ કાગળોની નકલ આપવા બાબત.

***સંદર્ભ :***– અરજદાર મજકુરની તા.૧૯–૧૨–'૦૮ ની અપીલ અરજી નં.૨૬૪/૨૦૦૮–૦૯

શ્રી રતનબેન કેશવભાઈ પટેલ તથા જગદીશભાઈ કેશવભાઈ પટેલની તા.૨૪–૧૧–૦૮ની અરજીથી ટેના નં.૧૭બી–૦૯–૦૩૭૧–૦–૦૦૧ ના ભાગ પાડવા આપેલ અરજી સાથે રજુ કરેલ કાગળોની નકલ આપવા બાબતે વહેંચણી કરાર બતાવી ભાગલા પાડેલ તેવું જણાવતી આપેલ માહિતીના મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૧૯–૧૨–૦૮ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ તથા આપવા જોગ પૂરક માહિતીની વિગતો તેમજ વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૮૯૬ તા.૨૬–૧૨–૦૮ થી ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (રાંદેરઝોન) તથા અરજદારને પત્ર પાઠવવામાં અવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી અત્રેના વિભાગને કોઈ વિશેષ માહિતી પૂરી પાડેલ નથી કે માહિતીના ઈન્કાર અંગે કોઈ અપવાદ રજુ કરેલ નથી. પરંતુ અરજદારને પાઠવેલ માહિતી પત્રની તા.૧૬–૧૨–૦૮ ની નકલ અત્રે મળેલ છે.

અરજદારની મુળ અરજીમાં વેસ્ટ ઝોનમાં આવેલ ૧૬ પટેલ પ્રકાશ સોસા.ના ભાગલા કરવા ટેના નં.૧૭બી–૦૯–૦૩૭૧–૦–૦૦૧ હસમુખભાઈ કે. પટેલ ધ્વારા અરજી આપવામાં આવેલી જે ભાગલા કરારના કાગળોની નકલ આપવા જણાવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી તા.૧૬–૧૨–૦૮ ના રોજ માહિતીની નકલ પાના દીઠ રૂ.૨/– ભર્યેથી મળી શકશે એમ જણાવેલ. જે અરજદાર તા. ૧૬–૧૨–૦૮ ના રોજ દસ્તાવેજી ફી રૂ.૧૧૬/– જમાં કરાવી માહિતી મેળવેલ હોવાનું જણાય છે. અરજદારની મુળ અરજી નમુના 'ક' માં રતનબેન કેશવભાઈ પટેલ સાથે અરજદારની સહીમાં જે કે. પટેલ સંયુકત રીતે માહિતી માંગતી અરજી કરેલ હોવાનું માલુમ પડેલ છે. જયારે નમુના 'જ' માં અરજદાર શ્રી જગદીશભાઈ કેશવભાઈ પટેલે અપીલ અરજી કરેલ છે. જયારે અપીલ શ્રી જગદીશભાઈ કે. પટેલ ધ્વારા કરેલ છે. અપીલ અરજીમાં ટેના નં.૧૭બી–૦૯–૦૪૨૧–૦–૦૦૧ તથા ૧૭બી–૦૯–૦૪૬૧–૦–૦૦૧ કમી કરવા અને અરજદારની જાણ બહાર વહેંચણી કરાર બનાવી ભાગલા પડેલ તે કમી કરવા જણાવેલ છે. જયારે મુળ અરજીમાં તે બંન્ને ટેનામેન્ટ નંબરનો ઉલ્લેખ જણાતો નથી.

અરજદારે અરજી સાથે અપીલમાં રજુ કરેલ કાગળો ધ્યાને લેતાં તેમને માંગેલ માહિતી નિયત સમયમાં મળેલ જણાય છે. અરજદારે અપીલમાં નામ કમી કરવા રજુઆત કરેલ છે. જે માહિતી મેળવવાના અધિકાર હેઠળ કલમ–૨(જ) હેઠળના વ્યાપની બહાર છે.

## ***હુકમ***

અરજદારની મૂળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારે તા.૨૪–૧૧–૦૮ ની મુળ અરજીથી માંગેલ અને તે અંગે જાહેર માહિતી અધિકારી કક્ષાએથી પૂરી પડાયેલ હોઈ કાયદા અને નિયમની જોગવાઈ અનુસાર અરજી અંગે કંઈ કરવાનું રહેતું ન હોઈ અપીલ દફતરે કરવામાં આવે છે.

મૂળ અરજીથી અપીલના તબકકે માંગેલ અલગ માહિતી અંગે કાયદા અને નિયમની જોગવાઈને અનુસરી લાગત જાહેર માહિતી અધિકારી કક્ષાએથી અલાયદી અરજી ધ્વારા માહિતી મેળવવા અરજદાર સ્વતંત્ર છે

અરજદારની ફરીયાદના નિકાલ અંગે અરજદાર સક્ષમસત્તાને સ્વતંત્ર રજુઆત કરવાની રહે. તે અંગે અત્રેની કોઈ કાર્યવાહી કરવાની રહેતી નથી.

નં. આરટીઆઈ સેલ/
તારીખ : –૧ –૦૯.

***ડે.કમિશ્નર(જનરલ),***
***અને એપેલેટ ઓફિસર***
***સુરત મહાનગર પાલિકા***

***પ્રતિ***

(૧) ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી ( રાંદેર ઝોન )....જાણ તથા અમલ માટે
(૨) શ્રી જગદીશભાઈ કેશવભાઈ પટેલ,